# બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં ભાજપ સામે ભાજપની જ ટક્કર

**15 બેઠકો** પર સહકાર અને કિસાન પેનલ વચ્ચે ખરાખરીનો જંગ, એક અપક્ષ



બારડોલી : એશિયામાં સહકારી ક્ષેત્રની સૌથી મોટી ગણાતી બારડોલી સુગર ફેક્ટરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીનો જંગ બરાબર જામ્યો છે. શુક્રવારના રોજ ચૂંટણી અધિકારી દ્વારા હરીફ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં કુલ 15 જૂથ પૈકી 1 બિન ઉત્પાદક મંડળી જૂથમાં સહકાર પેનલના ઉમેદવાર બિનહરીફ થતાં હવે 14 બેઠકો પર 29 ઉમેદવારો મેદાનમાં છે.

બારડોલી સુગર ફેક્ટરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્ર પરત ખેંચવાના આખરી દિવસે સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. કુલ 15 બેઠકો પૈકી 14 પર સહકાર પેનલ અને કિસાન પેનલ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. આ ઉપરાંત એક સેવણી બેઠક પર એક અપક્ષ ઉમેદવાર પણ મેદાનમાં છે.

સુરત જિલ્લા સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સુગર ફેક્ટરીઓની ચૂંટણીને લઈ સહકારી રાજકારણ ગરમાયું છે. બારડોલી સુગર ફેક્ટરીની આગામી 16મી ઓગસ્ટના રોજ ચૂંટણી યોજાવાની છે. વર્તમાન ઉપપ્રમુખ ભાવેશ પટેલની સહકાર પેનલ અને વર્તમાન ડિરેક્ટર મુકેશ પટેલની કિસાન પરીવર્તન પેનલ વચ્ચે સીધો જંગ ખેલાશે. જો કે, એક પર સહકાર પેનલના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. જેમાં બિન ઉત્પાદક જૂથમાંથી કરચકાના અનિલભાઈ પટેલ બિનહરીફ થયા છે.

| જૂથ | ઉમેદવાર | પેનલ |
|---|---|---|
| મોતા | ભાવેશભાઈ પટેલ | સહકાર |
| | સતિશભાઈ પટેલ | કિસાન |
| ખરવાસા | રોશનકુમાર પટેલ | સહકાર |
| | ભુપેન્દ્રસિંહ સોલંકી | કિસાન |
| શામપુરા | પ્રવીણભાઈ પટેલ | સહકાર |
| | કિરીટકુમાર પટેલ | કિસાન |
| ઓરણા | કેતનભાઈ દેસાઇ | સહકાર |
| | અનિલભાઈ પટેલ | કિસાન |
| સેવણી | સુરેશભાઇ પટેલ | સહકાર |
| | ચેતનભાઈ પટેલ | કિસાન |
| | મહેશભાઈ પટેલ | અપક્ષ |
| પુણા | પ્રવીણભાઈ એન. પટેલ | સહકાર |
| | પ્રફુલભાઈ પટેલ | કિસાન |
| તુંડી | મુકેશકુમાર પટેલ | સહકાર |
| | મુકેશચંદ્ર પટેલ | કિસાન |
| એના | પરિમલ પટેલ | સહકાર |
| | અતુલ પટેલ | કિસાન |
| નિઝર | શૈલેષ પટેલ | સહકાર |
| | રૂપેશ ભક્ત | કિસાન |
| બારડોલી | ગિરીશભાઈ પટેલ | સહકાર |
| | વિનોદચંદ્ર પટેલ | કિસાન |
| મોટીફળોદ | અનિલભાઈ પટેલ | સહકાર |
| | પંકજભાઈ પટેલ | કિસાન |
| મહિલા - 1 | અમિતાબેન પટેલ | સહકાર |
| | ઉષાબેન પી. પટેલ | કિસાન |
| મહિલા - 2 | મમતાબેન પટેલ | સહકાર |
| | ઉષાબેન વી. પટેલ | કિસાન |
| એસસી/એસટી | ઈશ્વરભાઈ પરમાર | સહકાર |
| | તરુણકુમાર વાઘેલા | કિસાન |

# મોટીપારડીના સ્મશાનમાં દારૂનો જથ્થો સંતાડયો



**કોસંબા** નજીકથી સુરત એલસીબીની કાર્યવાહી બાદ બુટલેગર ફરાર

હથોડા, પલસાણા : કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના મોટી પારડી ગામે ટેવાયેલા બુટલેગરે સ્મશાન માં દારૂ છુપાવીને વેપલો કરવાનો ગજબનો કીમ્યો અજમાવ્યો હતો. પરંતુ જિલ્લા એલસીબી પોલીસે દારૂ સપ્લાય થાય તે પહેલા રેડ કરી બુટલેગર ના કિમિયા ને નાકામિયાબ કર્યો હતો. સુરત જિલ્લા એલસીબી પોલીસ કર્મચારી અમૃતભાઈ અને ભુપેન્દ્રભાઈ ને બાતમી મળી હતી કે કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના મોટી પારડી ગામે બુટલેગરે મોટી માત્રામાં ઇંગ્લિશ દારૂનો જથ્થો સ્મશાનમાં સંતાડ્યો છે અને કાર્ટીંગ કરવાની પેરવીમાં છે જેથી જિલ્લા એલસીબીએ રેડ કરતા પોલીસને જોઈને બુટલેગર રાકેશ ગોમાન ભાઈ વસાવા ભાગી છૂટ્યો હતો. પોલીસે સવા લાખનો ઇંગ્લિશ દારૂનો જથ્થો અને મોટરસાઈકલ મળી કુલ રૂપિયા 1,83,000 નો મુદ્દા માલ ઝડપી દારૂનો જથ્થો સંતાડનાર મોટી પારડીના નવા ફળિયાના બુટલેગર રાકેશ ગોમાન ભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

# ભેંસો ભરેલા ટેમ્પો પકડવા ગંગાધરાથી નાંદીડા વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા

**નાંદીડામાં** ટેમ્પો કાદવમાં ફસાઇ જતાં ચાલક નાસી છૂટ્યો

**જીવદયા** પ્રેમીઓએ કતલખાને લઇ જવાતી ૧૧ ભેંસો બચાવી, ૧ મરી ગઇ



બારડોલી : ફિલ્મીઢબે ટેમ્પોનો પીછો કરી જીવદયા પ્રેમીઓએ કતલખાને લઈ જવાતી **૧૧ ભેંસો બચાવી લીધી હતી. જ્યારે ૧ ભેંસ ટેમ્પોમાં જ મરી ગઈ હતી.** સુરતના લસકાણા વિસ્તારમાંથી વસૂકી ગયેલી ૧૨ ભેંસોને મહારાષ્ટ્રના માલેગાંવ ખાતે કતલખાને લઈ જવાતી હોવાની બાતમી જીવદયા પ્રેમીઓને મળતા ગંગાધરા નજીક વોચ ગોઠવવામાં આવી હતી. તે દરમિયાન શંકાસ્પદ આઈશર ટેમ્પો (નં. જીજે ૧૯ વાય ૮૫૬૦) આવતા તેને અટકાવવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ, ચાલકે ટેમ્પો પૂરઝડપે બારડોલી તરફ હંકારી મુકતા તેનો ફિલ્મી ઢબે પીછો કરવામાં આવ્યો હતો. ભાગવા જતાં ટેમ્પો બારડોલી નાંદીડા ચોકડીથી GIDC વિસ્તારમાં પ્રવેશ્યો હતો અને કાબૂ ગુમાવતા એક ગ્રેનાઈટ શોરૂમ નજીક કાદવ-કીચડવાળા ખાડામાં ફસાઈ ગયો હતો. તકનો લાભ ઉઠાવી ટેમ્પો ચાલક વાહન છોડીને ફરાર થઈ ગયો હતો. જીવદયા પ્રેમીઓની જાણના આધારે બારડોલી ટાઉન પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. ટેમ્પોમાં તપાસ કરતા ભેંસોને અત્યંત ક્રૂરતાપૂર્વક, પૂરતી જગ્યા, ઘાસચારો કે પાણી વિના બાંધેલી હાલતમાં મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી ૧૧ જીવિત ભેંસોની અંદાજિત કિંમત રૂ. ૧.૧૦ લાખ અને આઈશર ટેમ્પોની કિંમત રૂ. ૫ લાખ મળી કુલ રૂ. ૬.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# ભરૂચના પાંચબત્તી વિસ્તારમાં કચરા સંગ્રહથી ગંદકીનું સામ્રાજ્ય

**રોગચાળો** ફાટી નીકળવાની દહેશત વ્યક્ત કરાઈ



ભરૂચ : ભરૂચ શહેરનાં પાંચબત્તી વિસ્તારમાં લાંબા સમયથી અનિયમિત સફાઈ અને ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ સેવાની સમસ્યા વકરી છે. આ મુદ્દે સ્થાનિક વેપારીઓએ નગરપાલિકાના ચીફ ઓફિસર સમક્ષ લેખિત રજૂઆત કરી તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે.

પાંચબત્તી વેપારી મિત્ર મંડળનાં સાદિકભાઈ લવલી, હારૂનભાઈ, યુનુસભાઈ, ગીતાબેન અને રાજેશભાઈ વાઢેલ સહિતનાં વેપારીઓએ પ્રમુખ સ્વામી કોમ્પ્લેક્ષ, ધનલક્ષ્મી કોમ્પ્લેક્સ, હાફિઝ મંઝિલ અને જગદીશ શોપિંગ સેન્ટર સહિતના વિસ્તારોમાં ઉભી થયેલી ગંદકીની સમસ્યા અંગે વિગતવાર જાણ કરી હતી. વેપારીઓએ રજૂઆતમાં જણાવ્યું હતું કે વિસ્તારમાં નિયમિત સફાઈ ન થતાં ગંદકીના ઢગલા થઈ ગયા છે, જેના કારણે વેપારીઓ અને ગ્રાહકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વધુમાં ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ સેવા પણ નિયમિત ન હોવાથી સ્વચ્છતા જાળવવામાં ગંભીર અવરોધ ઊભો થયો છે.

સ્થાનિક વેપારીઓએ ઉપસ્થિત અધિકારીઓ સમક્ષ આ સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ લાવવા અને નિયમિત સફાઈ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માંગ કરી હતી. તેમણે ચેતવણી આપતાં કહ્યું કે જો સમયસર કોઈ પગલાં ન લેવાયા તો રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે. વેપારીઓએ વધુમાં જણાવ્યું હતું કે યોગ્ય કાર્યવાહી થશે તો વિસ્તારની સ્વચ્છતા અને વેપારનું વાતાવરણ બંને સુધરશે. તેમણે નગરપાલિકા તંત્રને લોકોના આરોગ્ય અને શહેરની સ્વચ્છતાને ધ્યાનમાં રાખી વહેલી તકે અસરકારક પગલાં લેવા અપીલ કરી છે.

# 4 સાઈઝના પેપર નિયમ સામે કઠોર વકીલ મંડળનો વિરોધ



**કઠોરના** વકીલો ગુરુવારે કામકાજથી અળગા રહ્યા

કામરેજ : હાઈકોર્ટ ના એ - 4 સાઈઝ પેપર અને ફોન્ટ અંગેના પરિપત્રને પરત ખેંચવાની માંગ સાથે કઠોર બારના વકીલ મંડળે વિરોધ કરી કામકાજ થી અળગા રહ્યા હતા. હાઈકોર્ટ ના પરિપત્ર મુજબ કોર્ટમાં રજૂ થતી દરેક અરજી એ - 4 સાઈઝ પેપર માં, ચોક્કસ ફોન્ટ માં અને ફરજીયાત દરેક અરજી ઓ, પ્લીડીગ, એફિડેવિટ, મેમોરેન્ડમ,ઓફ અપીલ તેમજ મુદત અરજી ફરજીયાત કોમ્પ્યુટરરાઈઝ ટાઈપ કરી રજૂ કરવાનો આદેશ 1 ઓગસ્ટ 2026 ના રોજ થી અમલમાં મુકતા વકીલો ને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાથી કઠોર ખાતે આવેલી કોર્ટના વકીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિરોધ કરવામાં આવ્યો હતો. કઠોર કોર્ટ ના વકીલો શુક્રવારના રોજ સવારે કોર્ટના ગેટ પાસે ભેગા થઈ કોર્ટ કાર્યવાહી અળગા રહી ને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. હાઈકોર્ટ દ્વારા આ પરિપત્ર પરત ખેંચવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન કરી અચોક્કસ મુદત માટે કોર્ટના કામકાજ થી અળગા રહી વિરોધ કરવામાં આવશે એવું કઠોર બારના પ્રમુખ એવા એડવોકેટ દિનેશ પરમારે જણાવ્યું હતું.

# અંકલેશ્વરમાં વરસાદે 200 એકર જમીનમાં ખેતીનો દાટ વાળી દીધો

**કેળ,** તુવેર અને શાકભાજીના પાકને મોટું નુકસાન, સહાયની આશા

અંકલેશ્વર : અંકલેશ્વરમાં ભારે વરસાદ બાદ બે દિવસના વિરામ પછી પણ ખેતરો જળમગ્ન જોવા મળી રહ્યા છે. 200 એકરથી વધુ વિસ્તાર પ્રભાવિત થયો છે. ખેડૂતોએ વળતરની માંગ કરી છે. કેળ, તુવેર અને શાકભાજીના પાકને મોટું નુકસાન થયું છે. સમયસર સહાય નહીં મળે તો પાયમાલ થઈ જઈશું.

ખેડૂતો આવી આહ વ્યક્ત કરી રહ્યા છે. ભરૂચ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે જગતના તાત પર મોટી આફત આવી પડી છે. અંકલેશ્વર પંથકના ખેતરોમાં વરસાદી પાણી ફરી વળ્યાં છે. 200 એકરથી વધુ વિસ્તારમાં ઉભેલા પાક સંપૂર્ણપણે જળમગ્ન થઈ ગયા છે. ચોતરફ માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યું છે. સતત ભરાઈ રહેલા પાણીના કારણે ખેતરોમાં કેળ, તુવેર અને લીલા શાકભાજી સહિતનો પાક નાશ પામ્યો છે. પાણી લાંબા સમય સુધી ભરાઈ રહેતાં બિયારણ અને છોડમાં ફૂગ લાગી ગઈ છે. ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર મોંઘા ભાવના ખાતર અને બિયારણ લાવીને વાવેતર કર્યું હતું. આ કુદરતી આફતે તમામ મહેનત પર પાણી ફેરવી દીધું છે. સરકાર તાત્કાલિક ધોરણે સર્વે કરે. યોગ્ય વળતર અથવા આર્થિક સહાય પૂરી પાડે. નહીં તો આ આર્થિક બોજમાંથી બહાર આવવું અશક્ય બની જશે.

# ભાદી ગામમાંથી ૬૨ કિલો ગૌમાંસ સાથે બે ઝડપાયા

**આમલાખાડી** કિનારે ખેતરના શેઢા પરથી કતલના સાધનો અને બે મોબાઇલ સહિત રૂ.૩૨ હજારનો મુદ્દામાલ કબજે

અંકલેશ્વર,ભરૂચઃ અંકલેશ્વરના ભાદી ગામ પાછળ આમલાખાડી કિનારે આવેલા ખેતરના શેઢા પર ગૌવંશની ગેરકાયદે કતલ કરવાનો ભાંડો પાનોલી પોલીસે રેડ દરમિયાન ઝડપી પાડ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી બે શકમંદોની ધરપકડ કરીને તેમની પાસેથી ૬૨.૪૦૦ કિલોગ્રામ ગૌમાંસ, કતલના સાધનો, બે મોબાઈલ ફોન તથા અન્ય સામગ્રી સહિત કુલ રૂ.૩૨,૧૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પકડાયેલા બંને આરોપીઓની ઓળખ ફૈયાઝ ઈદ્રીશ ઐયુબ સિદાત (ઉં.વ.૨૧) અને સમદ ઐયુબ ઈસ્માઈલ સિદાત (ઉં.વ.૫૨) તરીકે કરવામાં આવી છે. બંને ગામ ભાદી, નવીનગરી, તા. અંકલેશ્વરમાં રહે છે. ઘટનાસ્થળે વાદળી પ્લાસ્ટિકના પાથરણા ઉપર ગુલાબી તથા બદામી રંગના માંસના ટુકડા પડેલા હતા. પશુ ચિકિત્સાલય અંકલેશ્વરના ડોક્ટરને બોલાવી તપાસ કરતાં તે ગૌવંશ હોવાનું પ્રાથમિક રીતે જણાયું હતું. પોલીસે આરોપીઓની અંગઝડતી કરતાં તેમની પાસેથી બે વિવો કંપનીના મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે ૬૨.૪૦૦ કિલો ગૌમાંસ (રૂ.૬,૨૪૦), કતલના ૩ મોટા છરા (રૂ. ૩,૬૦૦), લાકડાના ૩ હાથવાળા છરા (રૂ. ૩,૩૦૦), ઈલેક્ટ્રિક વજનકાંટો (રૂ. ૫,૦૦૦), ૨ મોબાઈલ (રૂ. ૨૦,૦૦૦) સહિતની સામગ્રીનો સમાવેશ થાય છે. ઝડપાયેલા આરોપીઓએ પૂછપરછમાં ઘટસ્ફોટ કર્યો હતો કે, તેમણે એક આદિવાસી વ્યક્તિ પાસેથી વાલીયા ખાતે ડહેલી ગામથી ગાય ખરીદી હતી અને કતલ કરીને પોતાની રિક્ષાઓમાં લઈ આવ્યાં હતા. પાનોલી પોલીસ સ્ટેશનમાં બંને ઝડપાયેલા આરોપી સામે ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ તથા પશુ ઘાતકીપણા અધિનિયમ, ૧૯૬૦ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ પીએસઆઇ ટાપરીયા ચલાવી રહ્યા.

# રાજકોટના યુવાનનો ભરૂચ રેલ્વે સ્ટેશન પરથી ૪૫ હજારનો મોબાઈલ ચોરાયો

ભરૂચ : રાજકોટના એક યુવાનનો ટ્રેનની મુસાફરી દરમિયાન તેના પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ ફોન ચોરાઈ જતા ભરૂચ રેલ્વે પોલીસમાં ગુનો દાખલ કર્યો છે. રાજકોટના સતસંગ કોમ્પ્લેક્સની બાજુમાં, અનાર્મ ગુગરા, પટેલવાડી, પેડક રોડ ખાતે રહેતા ચિરાગ હસમુખભાઈ સોની નામના યુવાને ભરૂચ રેલ્વે પોલીસને જાણ કરી કે, તે તા. ૩૦મી જુલાઈના રોજ અમદાવાદથી મડગાંવ જતી ટ્રેનમાં સવાર હતો. ટ્રેન ઉપડ્યા બાદ તે ઊંઘી ગયો હતો. આ દરમિયાન, ભરૂચ રેલ્વે સ્ટેશન નજીક કોઈ અજાણ્યા ઈસમે તેના પેન્ટના ખિસ્સામાંથી ૪૫ હજારનો મોબાઈલ ફોન ચોરીને રફુચક્કર થઇ ગયો હતો. ભરૂચ રેલ્વે પોલીસમાં ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

# અંકલેશ્વરમાં પરિપત્રની હોળી કરી વિરોધ નોંધાવ્યો

અંકલેશ્વર : ગુજરાત હાઈકોર્ટના નવા નિયમો સામે ઠેર ઠેર વિરોધ જોવા મળી રહ્યો છે ત્યારે અંકલેશ્વરમાં પણ વકીલોએ આ અંગે વિરોધ નોંધાવી નવા નિયમો પાછા લેવાની માંગ કરી હતી

અંકલેશ્વર સહિત સહિત ગુજરાતના વિવિધ બાર એસોસિએશન દ્વારા ગુજરાત હાઈકોર્ટના A4 સાઈઝના પેપર અને નવા ફોન્ટ-લિપિના નિયમો સામે વિરોધ નોંધાવવામાં આવ્યો છે. હાઈકોર્ટના પરિપત્ર મુજબ નવા કેસોના ફાઈલિંગ માટે A4 સાઈઝના પેપર અને નિર્ધારિત ફોન્ટનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે.

સ્થાનિક સ્તરે ટાઈપિંગ, પ્રિન્ટિંગ અને ફાઈલિંગની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી આ નિયમોનું પાલન કરવું મુશ્કેલ હોવાનું વકીલોએ જણાવ્યું હતું. જેના વિરોધમાં અંકલેશ્વર સહિત અનેક જિલ્લાઓના વકીલોએ કોર્ટની કાર્યવાહીથી અલિપ્ત રહી હડતાલ પાડી હતી. અંકલેશ્વરમાં વકીલ મંડળના સભ્યોએ કોર્ટ સંકુલની બહાર એકત્રિત થઈ હાઈકોર્ટના પરિપત્રની હોળી કરી ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો.

વકીલોએ માંગ કરી હતી કે જ્યાં સુધી આ પરિપત્ર પરત ખેંચવામાં નહીં આવે ત્યાં સુધી તેમનો વિરોધ યથાવત રહેશે.

# ભરૂચમાં ઘરકામ કરતી મહિલા 2 લાખની મત્તાચોરી ગઇ



ભરૂચ : ભરૂચ શહેરના જંબુસર રોડ સ્થિત સમાપાર્ક સોસાયટીમાં રહેતા મહમદ અનીષ મુસાભાઈ પટેલના ઘરે ચોરીની ઘટના બની હતી. આ ચોરી ઘરકામ કરતી મહિલા ફરજાના મુબારક પટેલે પરિવારની ગેરહાજરીનો લાભ લઈ આચરી હતી.

ફરિયાદ અનુસાર, આરોપી મહિલાએ ફરિયાદીના પિતાના રૂમમાં રાખેલા લાકડાના કબાટના ડ્રોઅરમાંથી લોકરની ચાવી મેળવી હતી. ત્યારબાદ તેણે લોકર ખોલી તેમાં રાખેલી રોકડ ભરેલી બેગમાંથી ₹2 લાખની રોકડ ચોરી કરી હતી. બનાવ બાદ પરિવારજનોએ જ્યારે રકમ ગુમ થયાનું જાણ્યું ત્યારે તાત્કાલિક ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદ મળતાં જ તપાસ હાથ ધરી હતી. ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે શંકાના દાયરામાં તપાસ આગળ વધારવામાં આવી હતી. ગણતરીના દિવસોમાં જ પોલીસે શેરપુરા વિસ્તારમાં આવેલી આશિયાના સોસાયટીમાં રહેતી ફરજાના મુબારક પટેલને ઝડપી પાડી હતી. પોલીસે આરોપીને પકડી પૂછપરછ કરતાં તેણે ચોરીની કબૂલાત કરી હતી. તપાસ દરમિયાન આરોપી પાસેથી ચોરાયેલી ₹2 લાખની સંપૂર્ણ રોકડ રકમ મળી આવતાં પોલીસે મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ ઘટનામાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસે ઝડપી કાર્યવાહી કરી ચોરાયેલી રકમ સાથે આરોપીને ઝડપી પાડી આગળની તપાસ ચાલુ રાખી છે.

# ખેડૂતોની નારાજગી: ‘ઉમરપાડાને છૂટ, સાગબારાને કેમ ના?’

**સાગબારાના** જંગલ જમીન ખેડાણના વિવાદની સાંસદ વસાવાએ મંત્રીને રજૂઆત કરી

ચીક્દા,સાગબારા : ગુજરાત રાજ્યના સરહદી તાલુકા સાગબારામાં જંગલ જમીન અને ખેડાણનો લાંબો વિવાદ હવે ચાલી રહ્યો છે. તાલુકાના ખોપી ગામ ખાતે ખેડૂતોએ ફોરેસ્ટ વિભાગ દ્વારા મનમાની કાર્યવાહી કરવા બદલ આક્ષેપ કર્યો છે. આ મુદ્દે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ સરકારમાં પદાધિકારીઓ અને મંત્રી સમક્ષ સબળ રજૂઆત કરી, પરંતુ હજુ સુધી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. પીડિત ખેડૂતોએ આક્ષેપ કર્યો કે, “અમે વર્ષોથી આ જમીનો ખેડતા આવ્યા છીએ, છતાં વન વિભાગ દ્વારા ખેડાણ અટકાવવાની ધમકી આપવામાં આવે છે.” વધુમાં તેમણે તંત્રની બેધારી નીતિ પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, “જો ઉમરપાડા તાલુકાના ખેડૂતોને જંગલ જમીન પર ખેડાણની છૂટ મળે છે, તો સાગબારાના ખેડૂતો માટે બેધારી નીતિ કેમ?”

ખેડૂતોએ ઉકાઈ જળાશયથી અસરગ્રસ્ત અને જમીન સંપાદનને કારણે વિસ્થાપિત થયેલા પરિવારોના પ્રશ્નો પણ ઉઠાવ્યા. તેમણે સરકાર સમક્ષ માંગ કરી કે, “વિસ્થાપિતોના જીવન નિર્વાહ માટેની જમીનની સમસ્યા ઉકેલવી જરૂરી છે. સરકાર સૌની માઈ-બાપ છે, તેણે આ બાબતે હકારાત્મક નિર્ણય લેવો જોઈએ.”


Milano MULTIPLEX
બારડોલી
Spider-Man:Brand New Day-2D
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Hip Hip Hurray-Gujarati
02:00pm, 09:00pm
Get Set Go-Gujarati
12:00pm, 06:00pm
DC - 11:00am, 03:00pm, 09:30pm
Jan Neta - 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવી પારડી.



આથી આપ સૌને જણાવતા આનંદ થાય છે કે હું,
શ્રી પ્રવિણચંદ્ર મોતીભાઈ પટેલ
રહેવાસી. ભૈરવ, તા. કામરેજ, જી. સુરત
શ્રી અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલની
“સહકાર પેનલ”માંથી જુથ નંબર ૧૬ ના
નાના/સીમાંત ખેડૂત અનામત બેઠકમાં ઉમેદવારી કરી હતી. પરંતુ આજ રોજ મારી સામે ઉમેદવારી કરેલ
શ્રી કલ્પેશભાઈ ચંદુભાઈ પટેલ
રહેવાસી : મું.પો.કુડસદ, તા. ઓલપાડ, જી.સુરત.
ના એ મારી તરણફેણ માં ઉમેદવારી પત્ર ખેંચી લીધેલ છે. જેથી હું બીન હરીફ તરીકે ચુંટાયો છું. આ તકે મને સાથ-સહકાર આપનાર તમામ ખેડૂત સભાસદ ભાઈઓ/બહેનો, વડીલો અને શુભેચ્છકોનો ખૂબ ખૂબ આભાર માનું છું અને આવનાર વ્યવસ્થાપક સમિતિની ચુંટણીમાં શ્રી અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ ના નેતૃત્વમાં “સહકાર પેનલ” ને સહકાર આપવા અપિલ કરૂં છું.

લિ. શ્રી પ્રવિણચંદ્ર મોતીભાઈ પટેલ
તથા સમસ્ત ભૈરવ ગામ પરિવાર